# ધારણા

## દીપાવલી ૨૦૨૩ માટે શ્રીગુરુમાઈની કવિતામાંથી ઉદ્ધૃત

*દીપાવલી ૨૦૨૩ માટે પોતાની કવિતા, "સર્વત્ર પ્રકાશ રહે"માં ગુરુમાઈ ચિદ્વિલાસાનંદે તમારા અભ્યાસ માટે એક ધારણા લખી છે. તમે આ ધારણાને નીચે ગુજરાતીમાં વાંચી શકો છો અથવા કવિતાના એક ભાગરૂપે હિન્દી કે અંગ્રેજીમાં સાંભળી શકો છો. જો તમે ઇચ્છો તો અલગથી ધારણાનું રેકૉર્ડિંગ સાંભળતાં-સાંભળતાં ધ્યાન કરી શકો છો.*

હવે આપણે એક ધારણા કરીશું

થોડી ક્ષણો માટે એક આરામદાયક આસનમાં બેસો

તમારા શ્વાસપ્રશ્વાસની સાથે જોડાઓ
અંદર આવતો શ્વાસ ઊંડો છે
બહાર જતો પ્રશ્વાસ લાંબો છે

આ રીતે શ્વાસ લેતાં-લેતાં
તમારી આંખો બંધ કરો

હવે સહજતાથી શ્વાસપ્રશ્વાસ ચાલવા દો
અને માનસચિત્રણ કરો —

પાનખરની ઋતુ છે

સાંભળો આ ગુસપુસ
જમીન ચૂમવા માટે આતુર

ફૂલોની નાજુક પાંખડીઓની

વૃક્ષોનાં લાલ-પીળા-નારંગી પાંદડાંઓની

આંખો બંધ રાખો

અને મનની આંખોથી જ

ઉપર આકાશને જુઓ

રૂ જેવાં હળવાં-હળવાં શુભ્ર વાદળો આમતેમ વિખેરાયેલાં છે

જાણે અનંતપુષ્પ ખીલ્યાં છે

આ લોભામણા દશ્યને

નજરોમાં ભરી લો

આ અનુભૂતિની સુગંધને શ્વાસમાં વસાવી લો

ધીરેથી તમારી આંખો ખોલો

આ અનેરી અનુભૂતિ સંભાળીને રાખો

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.